# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૮ **B** તા.૦૭-૧૦-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ભારતીય ભાષા ઉત્સવ (ભાષા અનેક, ભાવ એક) ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંકઃ જીસીઈઆરટી/ભારતીય ભાષા ઉત્સવ/૨૦૨૩/૨૭૮૬૮-૯૭૧,તા. ૦૩-૧૦-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા ‘‘ભાષા ઉત્સવ’’ ની ઉજવણી કરવાનું નક્કી થયેલ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ બહુભાષીયતાને ઓળખવા અને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. તદુપરાંત, અનાદિકાળથી ભારતીય ભાષાઓ સહઅસ્તિત્વ ધરાવે છે. એકબીજાને પૂરક બનાવે છે અને સમૃદ્ધ બનાવે છે, આમ રાષ્ટ્રની એકતામાં ભાષા ફાળો આપે છે. એક ભારત શ્રેષ્ઠ ભારત માટે પ્રાદેશિક ભાષાઓ અને ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા ભાષા શિક્ષણને પ્રોત્સાહન આપવા ભાષાઓ અનેક ભાવ એક એ મુખ્ય થીમ સાથેની જુદી જુદી થીમ સાથે ૭૫ દિવસનો ‘ભારતીય ભાષા ઉત્સવ’ યોજવાનું આયોજન કરવામાં આવેલ છે.

‘ભારતીય ભાષા ઉત્સવ’ દરમ્યાન શાળા કક્ષાએ કરવાની સુચિત પ્રવૃતિઓ / કાર્યક્રમો નીચેની યાદી મુજબ **<u>તા. ૨૮-૦૯-૨૦૨૩ ને ગુરૂવાર થી તા. ૧૧-૧૨-૨૦૨૩, સોમવાર દરમ્યાન ‘‘ ભાષા અનેક ભાવ એક’’ થીમ ઉપર ‘ભારતીય ભાષા ઉત્સવ’</u>** કાર્યક્રમમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓની ભાગીદાર સહિત ઉજવાય તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

| સપ્તાહ | સમયગાળો | થીમ |
|---|---|---|
| ૧ | તા. ૦૫-૧૦-૨૦૨૩ થી તા.૧૧-૧૦-૨૦૨૩ | ભાષા સાહિત્ય |
| ૨ | તા. ૧૨-૧૦-૨૦૨૩ થી તા.૧૮-૧૦-૨૦૨૩ | રાંધણ કલા(ભોજન) |
| ૩ | તા. ૧૯-૧૦-૨૦૨૩ થી તા.૨૫-૧૦-૨૦૨૩ | તમારા પર્યાવરણને જાણો,<br>પર્યાવરણ અને પ્રકૃત્તિ |
| ૪ | તા. ૨૬-૧૦-૨૦૨૩ થી તા.૦૧-૧૧-૨૦૨૩ | મારી શાળા |
| ૫ | તા. ૦૨-૧૧-૨૦૨૩ થી તા.૦૮-૧૧-૨૦૨૩ | મૂલ્યો |
| ૬ | તા. ૦૯-૧૧-૨૦૨૩ થી તા.૧૫-૧૧-૨૦૨૩ | સંખ્યાજ્ઞાન અને ગણિત |
| ૭ | તા. ૧૬-૧૧-૨૦૨૩ થી તા.૨૨-૧૧-૨૦૨૩ | તમારૂ કૌશલ્ય દર્શાવો |
| ૮ | તા. ૨૩-૧૧-૨૦૨૩ થી તા.૨૯-૧૧-૨૦૨૩ | મારા વિચારો અને મારી યુક્તિઓ |
| ૯ | તા. ૩૦-૧૧-૨૦૨૩ થી તા.૦૬-૧૨-૨૦૨૩ | વાચન અને અભિવ્યકિત |
| ૧૦ | તા. ૦૭-૧૨-૨૦૨૩ થી તા.૧૧-૧૨-૨૦૨૩ | સુબ્રમણી ભારતીને સમર્પિત |

**<u>આ ઉત્સવના છેલ્લા સપ્તાહ તા. ૦૭-૧૨-૨૦૨૩ થી તા. ૧૧-૧૨-૨૦૨૩ ની તમામ પ્રવૃત્તિઓ સુબ્રમણી ભારતીના વાચન, લેખન અને કવિતાઓ ઉપર આધારિત હોય તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.</u>**

AICTE દ્વારા ANUVADINI : Voice & Document AI Translation Tool (https://anuvadini.aicte-india.org/) તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં ભાષાકીય વૈવિધ્યણે લીધે ઉદ્ભવતી સમસ્યાઓના નિવારણ માટે વિવિધ ફીચર્સ અને ફંકશન્સ આપવામાં આવ્યા છે. Make in India અને આત્મ નિર્ભર ભારત અંતર્ગત તૈયાર કરવામાં આવેલા આ Tool માં ૨૨ ભારતીય ભાષાઓ અને કેટલીક વિદેશી ભાષાઓને આવરી લેવામાં આવે છે. ‘ ભારતીય ભાષા ઉત્સવ’ દરમ્યાન જરૂરી ભાષાંતર માટે ‘ANUVADINI’ ઉપયોગ કરી શકાશે. વિદ્યાર્થીઓ વિવિધ ભાષાઓથી પરિચિત થઈ શકે તે માટે તેઓને પણ ‘ANUVADINI’ વિશે માહિતી આપવાની રહેશે.

બિડાણઃ- સંદર્ભિત પત્ર

તા. ૦૭-૧૦-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક:જીસીઇઆરટી/ભારતીય ભાષા ઉત્સવ/2023/7868-971
ગુજરાતશૈક્ષણિકસંશોધનઅનેતાલીમપરિષદ
વિદ્યાભવન., સેક્ટર-૧૨, ગાંધીનગર
ફોન-નિયામક:(079) 23256808-39
નિયામક:(079) 23256808
સચિવ:(079) 23256813
ફેક્સ :(079) 23256812
ઈ-મેલ :director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તા. 03/10/2023

સત્યમેવ જયતે

પ્રતિ
પ્રાચાર્યશ્રી – જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – તમામ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી – તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી – તમામ
શાસનાધિકારીશ્રી – તમામ

**વિષય: વિષય:ભારતીય ભાષા ઉત્સવ(ભાષા અનેક, ભાવ એક)ની ઉજવણી બાબત ...**
**સંદર્ભ:ભારત સરકારના શિક્ષા મંત્રાલયના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગનાતા:૧૬/૦૯/૨૦૨૩નો પત્રક્રમાંક: 16/2023-IS.8**

**શ્રીમાન,**

જયભારત સાથે ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા "ભાષા ઉત્સવ"ની ઉજવણી કરવાનું નક્કી થયેલ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020, બહુભાષીયતાને ઓળખવા અને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. તદુપરાંત,અનાદિકાળથી, ભારતીય ભાષાઓ સહઅસ્તિત્વ ધરાવે છે, એકબીજાને પૂરક બનાવે છે અને સમૃદ્ધ બનાવે છે, આમ રાષ્ટ્રની એકતામાં ભાષા ફાળો આપે છે. એક ભારત શ્રેષ્ઠ ભારત માટે પ્રાદેશિક ભાષાઓ અને ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા ભાષા શિક્ષણને પ્રોત્સાહન આપવા ભાષાઓ અનેક ભાવ એક એ મુખ્ય થીમ સાથેની જુદી જુદી થીમ સાથે 75 દિવસનો ભારતીય ભાષા ઉત્સવ યોજવાનું આયોજન કરવામાં આવેલ છે.

**11 ડિસેમ્બર , મહાન રાષ્ટ્રવાદી તમિલ કવિ સુબ્રમણિયા ભારતીની જન્મ જયંતિ નિમિત્તે ઉક્ત સમગ્ર કાર્યક્રમનું આયોજન છે. સુબ્રમણિયા કે જેઓ તમિલનાડુમાં સ્વાતંત્ર્ય સેનાની અને સમાજ સુધારક તરીકે " મહાકવિ ભારતી " તરીકે જાણીતા હતા . તેઓ ભારત વિશે એક અસ્તિત્વ તરીકે બોલનાર પ્રથમ વ્યક્તિઓમાંના એક હતા અને તેમણે રાષ્ટ્રીય એકીકરણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો**

'ભારતીય ભાષા ઉત્સવ' દરમ્યાન વિવિધ કક્ષાએ કરવાની સૂચિત પ્રવૃત્તિઓ/કાર્યક્રમોની યાદી એનેક્ષર-૧માં આપવામાં આવેલ છે. પ્રત્યેક કક્ષાએ પોતાની નવીન વિચારશક્તિ મુજબ ભારતીય ભાષાઓને લગતી પ્રવૃત્તિઓ કે કાર્યક્રમ કરી શકાશે. આ ઉપરાંત શાળા કક્ષાએ પૂરતી સ્પષ્ટતા રહે તે માટે સાપ્તાહિક ધોરણે અહી જણાવ્યા મુજબની થીમ નક્કી કરીને પણ પ્રવૃત્તિઓ કરી શકાશે.

| સપ્તાહ ક્રમ | સમયગાળો | થીમ |
|---|---|---|
| ૧ | ૨૮થી સપ્ટેમ્બરથી ૪ થી ઓક્ટોબર | પર્યાવરણ અને પ્રકૃત્તિ |
| ૨ | ૫ થી ૧૧ ઓક્ટોબર | ભાષાસાહિત્ય |
| ૩ | ૧૨ થી ૧૮ ઓક્ટોબર | રાંધણ કલા (ભોજન) |
| ૪ | ૧૯ થી ૨૫ ઓક્ટોબર | તમારા પર્યાવરણને જાણો |
| ૫ | ૨૬ઓક્ટોબર થી૧ નવેમ્બર | મારી શાળા |
| ૬ | ૨ થી ૮ નવેમ્બર | મૂલ્યો |
| ૭ | ૯ થી ૧૫ નવેમ્બર | સંખ્યાજ્ઞાન અને ગણિત |

| | | |
|---|---|---|
| ૮ | ૧૬ થી ૨૨ નવેમ્બર | તમારું કૌશલ્ય દર્શાવો |
| ૯ | ૨૩ થી ૨૯ નવેમ્બર | મારા વિચારો અને મારી યુક્તિઓ |
| ૧૦ | ૩૦નવેમ્બર થી ૬ ડીસેમ્બર | વાચન અને અભિવ્યક્તિ |
| ૧૧ | ૭ થી ૧૧ ડીસેમ્બર | સુબ્રમણી ભારતીનેસમર્પિત |

**આ ઉત્સવના છેલ્લા સપ્તાહ(૭/૧૨/૨૦૨૩ થી ૧૧/૧૨/૨૦૨૩)ની તમામ પ્રવૃત્તિઓ સુબ્રમણી ભારતીના વાચન, લેખન અને કવિતાઓ ઉપર આધારિત હોય તે સુનિશ્ચિત કરવું.**

AICTE દ્વારા ANUVADINI : Voice & Document AI Translation Tool ( https://anuvadini.aicte-india.org/) તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં ભાષાકીય વૈવિધ્યને લીધે ઉદ્દભવતી સમસ્યાઓના નિવારણ માટે વિવિધ ફીચર્સ અને ફંકશન્સ આપવામાં આવ્યા છે. Make in India અને આત્મનિર્ભર ભારત અંતર્ગત તૈયાર કરવામાં આવેલા આ Toolમાં ૨૨ ભારતીય ભાષાઓ અને કેટલીક વિદેશી ભાષાઓને આવરી લેવામાં આવી છે. 'ભારતીય ભાષા ઉત્સવ' દરમ્યાન જરૂરી ભાષાંતર માટે 'ANUVADINI' Toolનો ઉપયોગ કરી શકાશે. વિદ્યાર્થીઓ વિવિધ ભાષાઓથી પરિચિત થઇ શકે તે માટે તેઓને પણ 'ANUVADINI' વિશે માહિતી આપવી

આ કાર્યક્રમ ભારતીય ભાષા ઉત્સવને વેગ આપવા માટે તેમજ તમામ સ્તરે એટલે કે શાળાઓ, BRCs/CRCs/પંચાયતો, જિલ્લાઓ (DIETs સહિત), રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે પ્રવૃત્તિઓ હાથ ધરવાની છે. જેની થીમ ઉક્ત કોષ્ટક મુજબ છે. આપની કક્ષાએથી ધોરણ 1 થી 12ની શાળાના તમામ વિદ્યાર્થીઓ તેમજ બી.એડ, ડી.એલ.એડના તાલીમાર્થીઓ 11 અઠવાડિયાની વિવિધ થીમ આધારિત પ્રવૃતિઓમાં ભાગ લે તેવુ આયોજન કરવા જણાવવામાં આવે છે.

**ઉપરોક્ત આયોજન મુજબ આપના જિલ્લાની તમામ શાળાઓમાં તા:૨૮/૦૯/૨૦૨૩ને ગુરુવાર થી ૧૧/૧૨/૨૦૨૩, સોમવાર દરમ્યાન "ભાષા અનેક, ભાવ એક" થીમ ઉપર 'ભારતીય ભાષા ઉત્સવ' કાર્યક્રમ વધુમાં વધુ વિદ્યાર્થીઓની ભાગીદારી સહીત ઉજવાય તે સુનિશ્ચિત કરશો.**

કાર્યક્રમની અમલવારી પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી કચેરી, શાસનાધિકારીશ્રી, અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓએ સાથે સંકલનમાં રહીને કરવાની રહેશે. શાળા કક્ષાએ સમગ્ર પ્રવૃતિઓનું મોનીટરીંગ સીઆરસી દ્વારા કરવાનું રહેશે. અને શાળાનો અહેવાલ અને ફોટોગ્રાફ એકત્ર કરવાના રહેશે. બીઆરસી દ્વારા તેના ક્લસ્ટરની તમામ શાળાઓ ભાગ લે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. જિલ્લાના AEI/AI દ્વારા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં પ્રવૃતિઓ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. તમામ ટીચર એજ્યુકેશન સંસ્થાઓ માટે ડાયટ દ્વારા કાર્ય કરવાનું રહેશે. આ ઉપરાંત સમગ્ર કાર્યક્રમનું અમલીકરણ ડાયટ દ્વારા કરવાનું થશે.

આપના જિલ્લાની તમામ શાળાઓ માટે આપની કક્ષાએથી માર્ગદર્શન તથા માહિતી એકત્રીકરણનું આયોજન કરશો. આભારસહ.

નિયામક
જીસીઇઆરટી
ગાંધીનગર

**બિડાણ:** ભારત સરકારના શિક્ષા મંત્રાલયનો પત્ર

**નકલ સવિનય રવાના:**

-એસપીડીશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર

-કમિશ્નરશ્રી, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર

-નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ કચેરી, ગાંધીનગર.